**સૂક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત ૨ (બે) હેકટરથી ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના નાના અને સિમાંત ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવવા માટે હાલમાં મળતી સહાયમાં ૧૦% વધારાની સહાય આપવા બાબત**

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)/પાર્ટ-૪/ન
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૯/૩/૨૦૧૫

વંચાણે લીધાઃ-
(૧) નર્મદા, જ.સં.,પા.પુ. અને ક. વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૯-૫-૨૦૦૫
(૨) નર્મદા, જ.સં.,પા.પુ. અને ક. વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૩૧-૩-૨૦૦૮
(૩) નર્મદા, જ.સં.,પા.પુ. અને ક. વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/પાર્ટ-૩ન, તા. ૩-૪-૨૦૧૨

આમુખઃ- સૂક્ષ્મ સિંચાઇ યોજનાનું અમલીકરણ ગુજરાતમાં એક સરખા ધોરણે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર વતીથી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી., વડોદરા દ્વારા મે-૨૦૦૫થી કરવામાં આવે છે. આ એક સંકલિત યોજનામાં સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ જેવી કે, ટપક/ફુવારા/રેઈન ગન/પોરસ પાઇપ અપનાવતા લાભાર્થી ખેડૂતોને રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન, તારીખઃ ૯/૫/૨૦૦૫ની જોગવાઇઓ તથા ત્યારબાદ સમયાંતરે સુધારવામાં આવેલ જોગવાઇઓને આધીન સબસીડી આપવામાં આવે છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી સૂક્ષ્મ સિંચાઇ અપનાવવા માગતા ૨ (બે) હેકટર કરતાં ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના ખેડૂતો આ યોજનામાં વધારે પ્રમાણમાં આકર્ષાય તેમજ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ વસાવવી આર્થિક રીતે પરવડે તે માટે પ્રવર્તમાન ધારાધોરણ મુજબ મળવાપાત્ર સહાયમાં ૧૦% વધારો કરવાની જાહેરાત માન. નાણાં મંત્રીશ્રીએ તેમના બજેટ પ્રવચનમાં કરેલ હતી.

આ યોજનાની અમલવારી તારીખઃ ૧/૪/૨૦૧૫થી કરવાની હતી. પરંતુ ખેડૂતોના હિતમાંચાલુ વર્ષમાં જેમણે અગાઉ અરજીઓ કરી દીધેલ હતી અને આજની તારીખે (૧૧-૩-૨૦૧૫ના રોજ) અરજીઓ પડતર હતી, તેઓને પણ આ નવી જાહેરાતના કારણે યોજનાનો લાભ મળે તે માટે માન. મંત્રીશ્રી (જળસંપત્તિ (કલ્પસર સિવાય), કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન) દ્વારા ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ- ૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત તરીકે તા. ૧૧-૩-૨૦૧૫ના રોજ સન્માનીય સભાગૃહમાં નિવેદન કરવામાં આવેલ.

ઠ રા વઃ-

રાજયમાં ડાર્કઝોન સિવાયના વિસ્તારમાં અને ડાર્કઝોન વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઇ યોજના અપનાવવા માગતા ૨ (બે) હેકટર કરતાં ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના ખેડૂતોને પ્રવર્તમાન મળવાપાત્ર સહાયના ધોરણોમાં ૧૦% વધારો કરવાનો ઉપર આમુખમાં દર્શાવેલ વિગતોને ધ્યાને લઇ રાજય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

આ સંદર્ભમાં રાજય સરકારના વંચાણે લીધેલ ઠરાવોને આધીન હાલની પ્રવતમાન જોગવાઇમાં નીચે મુજબનો સુધારો/ વધારો કરવામાં આવે છે.

| સામાન્ય વર્ગના ખેડૂતો | પ્રવર્તમાન સબસીડીનું ધોરણ | સુધારેલ સબસીડીનું ધોરણ |
|---|---|---|
| ડાર્કઝોન સિવાયના વિસ્તારના ૨(બે) હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો | એકમ ખર્ચના ૫૦% સુધી અથવા રૂ. ૬૦,૦૦૦/- (પ્રતિ હેકટરે બેમાંથી જે ઓછું હોય તે) | એકમ ખર્ચના ૬૦% સુધી અથવા રૂ. ૭૦,૦૦૦/- (પ્રતિ હેકટરે બેમાંથી જે ઓછું હોય તે) |
| ડાર્કઝોન વિસ્તારના ૨(બે) હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો | એકમ ખર્ચના ૬૦% સુધી અથવા રૂ. ૬૦,૦૦૦/- (પ્રતિ હેકટરે બેમાંથી જે ઓછું હોય તે) | એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂ. ૭૦,૦૦૦/- (પ્રતિ હેકટરે બેમાંથી જે ઓછું હોય તે) |

આ ઠરાવથી સુધારેલ સબસીડીની સહાયની જોગવાઇઓ તા. ૧૧-૩-૨૦૧૫થી અમલ કરવાનો રહેશે. જયારે અન્ય કિસ્સાઓમાં હાલની જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૮-૩-૨૦૧૫ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી. પટેલ)
ઉપ સચિવ (નર્મદા)
નર્મદા, જ.સં.,પા.પુ. અને ક. વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (જ.સં.(કલ્પસર સિવાય), કૃષિ અને સહકાર, પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (કૃષિ અને સહકાર) સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર..
- અગ્ર સચિવશ્રી (નર્મદા) ન.જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સં.) ન.જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, કૃષિભવન, ગાંધીનગર.
- સંયુકત વહીવટી સંચાલકશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી.જી.વડોદરા.